# પશુ વિજ્ઞાન કેન્દ્ર, ટીઆરટીસી, દે'બારીયા દ્વારા પશુપાલકોને પશુ આરોગ્ય માટે રસીકરણની જરૂરિયાત અને તકેદારીઓ વિષય પર તાલીમ આપવામા આવી

સારા દૂધ ઉત્પાદન માટે પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે અનિવાર્ય બાબત છે. પશુઓમાં અનેક ચેપીરોગો/બિંનચેપીરોગો થતાં હોય છે જે પશુઓમાં કાયમી ખામી સર્જતા હોય છે કે મરણ પણ નિપજાવતા હોય છે. આ રોગોને અટકાવવા સમયસરનું રસીકરણ કરવું તે ઘણું જ અગત્યનું છે. પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુઓમાં રસીકરણની જરૂરીયાત અને તકેદારીઓ વિષય પર તારીખ ૬/૧૧/૨૦૨૦ ના રોજ દેવગઢ બારીયા તાલુકાના રામા ગામના પશુપાલક મહિલાઓને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારિયા ખાતે તાલીમ આપવામાં આવી.




**"રસીકરણ-પશુની તંદુરસ્તીનું પ્રથમ પગથીયું છે"**

ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, ટીઆરટીસી, દે'બારિયાએ જણાવ્યુ કે  ભારતનું દૂધ ઉત્પાદન વૃદ્ધિ વૈશ્વિક સરેરાશ કરતાં લગભગ ત્રણ ગણું વધારે છે. પશુપાલન થકી પશુપાલકો તેમની આવકમાં વધારો કરે તે માટેના માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. તેઓએ પશુઓને રોગમુકત રાખવા સમયસર રસીકરણ કરવા તાલીમાર્થી બહેનોને પ્રોત્સાહીત કર્યા.





ડૉ. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ  પશુપાલકોને સમજણ પૂરી પાડી કે રોગ થતા પહેલા પશુમાં જે તે રોગો સામે પ્રતિકારક શક્તિ વિકસાવવા માટે અપાતી દવાને રસીકરણ કહે છે તેમજ રસીકરણના ફાયદાઓ અને રસી મુકાવતી વખતે અને મુકાવ્યાં બાદ રાક રાખવાની તકેદારીઓની સાથે રસીકરણ વિષેની ભ્રામક માન્યતાઓ વિશે પશુપાલક માહિલાઓને માહિતગાર કર્યા.




ડૉ. અનિકેત મકાણીએ પશુપાલનમાં રોગોનું રોકથામ માટે સ્વચ્છતાનુ મહત્વથી, ડૉ. એકતા પંડ્યા દ્વારા દૂધની અગત્યતા અને તેનું મુલ્યવર્ધન અને ડૉ. હર્ષ દેસાઇએ પશુપાલન વિકાસમાં મહિલાઓનો યોગદાન વિશે સમજણ પુરી પાડેલ હતી.  શ્રી. જયેશ એમ. પટેલ, પશુધન નિરીક્ષક, પીવીકે દ્વારા સમગ્ર તાલીમનું સંચાલન કરવામાં આવ્યું અને કેન્દ્ર ખાતેથી પશુપાલનને ઉપયોગી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું.